# રજાની મજા



વાચકોની ઘણા સમયથી લાગણી હતી કે ‘સન્નારી’માં કવિતા વિભાગ શરૂ થાય એટલે અમે કવિતા મંગાવવાનું ફરી શરૂ કર્યું છે. ‘રજાની મજા’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

નિશાળમાં વર્ષને જોડતો ગાળો છે રજા,
જાણે મન અને તનને વિશ્રામની મજા.
સમયના અનુપાલનમાં છૂટ છે રજા,
તાજગીનો અહેસાસ કરવાની છે મજા.
પિયર તરફ પ્રયાણ ને સાસરિયે રજા,
સંબંધોમાં મીઠાશ માણવાની છે મજા.
એશ, આરામ ને જલસા છે રજા,
નવું નવું શીખવાની પડે છે મજા.
પર્વતારોહણ ને પ્રવાસમાં જરૂરી રજા,
કુદરતના ખોળે રમવાની પડે છે મજા.
ક્યારેક મનના વિચારોને આપો જો રજા,
આત્મારામને સમજવાની પડે છે મજા.
સીમા પરીખ (સુરત)

## ‘પરિવાર’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. આ વખતનો વિષય છે. ‘પરિવાર’. તમારી મૌલિક કૃતિ અમને 23-05-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક

## રજાની મજાનો આનંદોત્સવ

દોસ્ત,
એ દિવસ હતો મજાનો...,
રજાનો.
મજા માણવા ગયેલા આપણે ‘સાપુતારા’
ત્યાં-
સૂર્યોદય- સૂર્યાસ્તના દર્શન પછી-
તમે જે ‘કવિતા’ લખેલ.
તે- મેં ‘કાવ્યપઠન’ સ્પર્ધામાં રજૂ કરી,
‘પ્રથમ’ પારિતોષિક પ્રાપ્ત કરેલું
એ પછી- આપણે પતિ-પત્ની બની રહ્યાં
એ રજાના મજાના જ પ્રતાપે.
એ હતી આપણી, ‘રજાની.. મજા’ની...
વિરલ ક્ષણો ને આપણો
અવિરતઃ આનંદોત્સવ!
- રમેશ પટેલ (સુરત)

## નિશાળે જતા ગામઠી બાળકની રજા

આજે મમ્મી નહિ બોલે કે નિશાળે જવા ઊઠી જા,
આજે મમ્મી નહિ બોલે કે ટ્યુશને જવા તૈયાર થા,
આજે મમ્મી નહિ બોલે કે જલ્દી ગૃહકાર્ય કર.
બસ.... આજે તો કુદરતના આગોશમાં રમવાનો દિવસ,
ખેતરને શેઢે લાકડી લઈને ઘૂમવાનો દિવસ,
ખેતરે જઈ તાજી કેરી તોડી ખાવાના દિવસ,
દાદા-દાદી સાથે વાર્તાલાપ કરવાનો દિવસ,
દોસ્તો સાથે અવનવી રમતો રમવાનો દિવસ,
બસ.... રજાના દિવસે કોઈ ચિંતા નહિ મજા જ મજા,
કાશ.... રજા રજા જ હોય તો કેવી મજા પડે!
- ચંદ્રિકા કે. આમરણિયા (અમદાવાદ)



## વેકેશન

વરસ આખું હું વાટ જોવું
મનમાં વસતું વેકેશન!
રોજ થાકીને આવું ત્યારે
મળવા એને અકળાતું આ મન!
‘હાય’ ‘હેલો’ કહેતું રહેતું
સામે મળતું નો’તું!
ભણી ભણીને થાકું ત્યારે
મુજની સામે જોતું!
આ કસોટી ને પેલી પરીક્ષા
વાત જ એવી ના પૂછો...
ને આ બધું ઓછું લાગે ત્યાં
દફતરનો ભાર કંઈ ઓછો?
સુંવાળુ શૈશવ અમારું
જાણે છીનવી લીધું!
નાચતું કૂદતું હસતું રમતું
આખરે વેકેશન અમારું આવ્યું..
ચાલો માણીએ રજાની મજા
કહીને તાળી અમને દેતું!
મોટી આંખોનાં મોટાં સપનાં
આ નાનકડી આંખોને ના આપો.
ખુલ્લું આ આકાશ અમારું
બસ, અમને ઊડવા આપો!
રીટા સંજય વશી (સુરત)



## સોળે કળાએ ખીલીએ



ચાલને ભાઈ આપણે બન્ને mummyને પજવીએ,
હલ્લાગુલ્લા ધમ્માચકડી ઘર આખું ગજવીએ,
મસ્તીનો રંગ ઉડાડી મહેકી ફૂલોની ક્યારી,
ચાલો ચાલો vacation ઉજવીએ .
ચાલને ભાઈ આપણે બન્ને mummyને પજવીએ,
રોજ સવારે mummy કરતા વહેલા ઊઠી જઈએ,
ઘર આખામાં ખાખાખોળા , wall પર painting કરીએ,
સોળે કળાએ ખીલીએ...........
ચાલો ચાલો vacation ઉજવીએ.
ચંપલ, ટોપી ઘરમાં છોડી તડકામાં જઈ રમીએ ,
mummy નાખે summer campમાં હસતા હસતા જઈએ,
રમતા રમતા લડીએ ,
સોળે કળાએ ખીલીએ...........
ચાલો ચાલો vacation ઉજવીએ.
- રૂપાંગ ખાનસાહેબ

## ચાલ સખી ફરીથી લઈએ, રજાની મજા

ગ્રીષ્મઋતુની સજા, તો પણ કેવી મજા,
મામાના ઘરે જવાની વેકશનની મજા,
ચાલ સખી ફરીથી લઈએ, રજાની મજા
પાણીપૂરી, ભેળપૂરી, ઉજાણીની મજા,
સંયુક્ત કુટુંબમાં સાથે રહેવાની મજા,
ચાલ સખી ફરીથી લઈએ, રજાની મજા
કેરી, તરબૂચ, બરફનો ગોળો, છાશની મજા,
ઠંડાં પીણાંના તૈયાર ભપકાની છે સજા,
ચાલ સખી ફરીથી લઈએ, રજાની મજા
લખોટી, ભમરડો, ચોપાટ, સાપસીડીની છે મજા,
મોબાઈલની રમતોમાં આંખોની છે સજા,
ચાલ સખી ફરીથી લઈએ, રજાની મજા
મોબાઈલ, ટીવીના યુગમાં પુસ્તકોની છે મજા,
સુવિચારો સંસ્કૃતિની છે નવી મજા
ચાલ સખી ફરીથી લઈએ, રજાની મજા
- સંગીતા કમલ શાહ, સુરત

## ગીત

રજાની મજા છે,
શાળાએ નહીં જવાનું,
વહેલા નહિ ઊઠવાનું.
રજાની મજા છે,
હિલ સ્ટેશન ફરવાનું,
ઘરમાં નહીં રહેવાનું.
રજાની મજા છે,
આમતેમ કૂદવાનું,
ફાવે ત્યારે જમવાનું.
રજાની મજા છે,
ગણવેશમાં નહીં જવાનું,
તરણકુંડમાં બસ તરવાનું,
ટી.વી., વિડીયો જોવાનું.
રજાની મજા છે,
આંબાડાળે ઝટપટ ચડવાનું,
આંબલી- પીપળી રમવાનું.
રજાની મજા છે,
શાળાએ નહીં જવાનું,
લેસન નહીં કરવાનું.
રજાની મજા છે,
ડુમ્મસ ફરવા જવાનું ,
ભજિયાં પૂરી ઝાપટવાનું.
- કિશોર આર. ટંડેલ (નવસારી



## ગઝલ

છોકરાઓ રમે છે શેરીમાં,
હું નિહાળી રહ્યો ઝૂંપડીમાં
કોણ કે’ છે કે, રાત સૂની છે
સૌ રમે છે ક્રિકેટ રોશનીમાં
ચંદ્ર જુવે છે ડોળા ચઢાવી
સૂર્ય સંતાયો છે જઈ ઝાડીમાં
બાળ રાજાને જઈ એટલું કો’
શી મઝા આવે તમને કેરીમાં
છે રજાની એ સાચી મઝા કે
મોજ આવી ઘડી બે ઘડીમાં
- રમેશ ગાંધી (જહાંગીરાબાદ)



## સરી ગઈ રજાની મઝા...

પતી પરીક્ષા, આવ્યો પોસ્ટકાર્ડ,
મોકલો ભાણ્યાને મોસાળ
મળશે અત્તરિયા પમરાટ,
સૌ, ખીલવાના
ન વાંચવાનું, લખવાનું
માત્ર આનંદે ઝૂમવાનું,
હરતાં, ફરતાં ગાઈશું-
પ્રેમ મામા-મામીનો પામીશું.
બાગ, બગીચા, નદીએ
રમતો અનેક રમીશું
અચાનક
તેડવા આવ્યાં મમ્મીપપ્પા
ભજને પડ્યો ભંગ
પૂરું થતાં વેકેશન
મુરઝાઈ સઘળી મજા
વિંટળાઈ ગયા પાઠયપુસ્તકે
સરી ગઈ રજાની મઝા
વરસને પંથે....
કુમુદભાઈ બક્ષી (સુરત)



## નોકરિયાત સ્ત્રીની રજા

આખું અઠવાડિયું કામ કરી માંડ, રજા હોય ત્યાં તો...
ઘરની સફાઈ, ચાદરોની ધુલાઈ, ઝાપટઝૂપટ તો વળી..
ક્યારેક મરણોત્તર ક્રિયામાં બેસવાનું રહી ગયું હોય તે જવાનું,
બીમાર સંગાસંબંધીઓની ખબરઅંતર પૂછવા જવાનું,
આ બધાં કામ પતાવી બાળકોને ફરવા લઈ જવાનું,
આમ નોકરિયાતની રજા એટલે અઠવાડિયાનાં કામ આટોપવાનો દિવસ.
છતાં યે રજાની મજા કંઈ ઓર જ હોય છે!!
-સ્વાતિ વી. સુથાર (ઉત્તરસંડા)